Sunday
11.01.2026
✳Volume :10 ✳ Issue No.184
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી ૧૧ જાન્યુઆરીએ રાજકોટની મુલાકાતે

## પ્રધાનમંત્રી કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદ્ઘાટન કરશે



કમલમ્,

પ્રધાનમંત્રી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રાજકોટની મુલાકાત લેશે. કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ભાગ લેશે. બપોરે ૧:૩૦ વાગ્યે, તેઓ કોન્ફરન્સમાં ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ, બપોરે ૨ વાગ્યે પ્રધાનમંત્રી રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદ્ઘાટન કરશે. તેઓ સભાને પણ સંબોધિત કરશે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી ૧૪ ગ્રીનફિલ્ડ સ્માર્ટ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (GIDC) એસ્ટેટના વિકાસની જાહેરાત કરશે અને રાજકોટમાં GIDC મેડિકલ ડિવાઈસ પાર્કનું ઉદ્ઘાટન કરશે. ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ, કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશોના ૧૨ જિલ્લાઓને આવરી લે છે. આ પ્રદેશો માટે ખાસ આયોજિત, આ પરિષદનો હેતુ પશ્ચિમ ગુજરાતમાં રોકાણ અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવાનો છે. આ કોન્ફરન્સના મુખ્ય ક્ષેત્રોમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્યઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, ખનિજો, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ્સ, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ, MSME, પર્યટન અને સંસ્કૃતિનો સમાવેશ થાય છે. જાપાન, દક્ષિણ કોરિયા, રવાન્ડા અને યુક્રેન આ કોન્ફરન્સ માટે ભાગીદાર દેશો રહેશે. સફળ વાઈબ્રન્ટ ગુજરાત મોડેલની પહોંચ અને અસરને વધુ વિસ્તૃત કરવા માટે, રાજ્યભરમાં ચાર વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉત્તર ગુજરાત ક્ષેત્ર માટે પ્રાદેશિક પરિષદનું પ્રથમ સંસ્કરણ ૯-૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ મહેસાણામાં યોજાયું હતું. વર્તમાન સંસ્કરણ કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે યોજાઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાત (૯-૧૦ એપ્રિલ, ૨૦૨૬) અને મધ્ય ગુજરાત (૧૦-૧૧ જૂન, ૨૦૨૬) પ્રદેશો માટે પ્રાદેશિક પરિષદો અનુક્રમે સુરત અને વડોદરામાં યોજાશે. પ્રધાનમંત્રીના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝન અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અને વારસાના આધારે, આ પ્રાદેશિક પરિષદોનો ઉદ્દેશ્ય પ્રદેશ-વિશિષ્ટ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા, ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા અને વૈશ્વિક જોડાણ વધારવાનો છે. વાઈબ્રન્ટ ગુજરાત પ્લેટફોર્મને પ્રદેશોની નજીક લાવીને, આ પહેલ વિકેન્દ્રિત વિકાસ, વ્યવસાય કરવાની સરળતા, નવીનતા-આધારિત વૃદ્ધિ અને ટકાઉ રોજગારીની તકોના સર્જન પર પ્રધાનમંત્રીના ભારને પણ પ્રતિબિંબિત કરે છે. આ પ્રાદેશિક પરિષદો માત્ર પ્રાદેશિક સિદ્ધિઓ દર્શાવવા અને નવી પહેલોની જાહેરાત કરવા માટેનું પ્લેટફોર્મ બનશે નહીં, પરંતુ પ્રાદેશિક અર્થતંત્રોને મજબૂત કરીને, નવીનતાને પ્રોત્સાહન આપીને અને રાજ્યના દરેક ભાગમાં વ્યૂહાત્મક રોકાણને સરળ બનાવીને ગુજરાતની વિકાસગાથાને સંયુક્ત રીતે ઘડવાનું એક માધ્યમ પણ બનશે. પ્રાદેશિક પરિષદોની સિદ્ધિઓ જાન્યુઆરી ૨૦૨૭માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના આગામી સંસ્કરણ દરમિયાન પ્રદર્શિત કરવામાં આવશે.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં NCORD ની ૯મી ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષમાં આપણે નશા વિરુદ્ધની લડાઈમાં ઘણી સફળતા પ્રાપ્ત કરી છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં નાર્કો-કોઓર્ડિનેશનસેન્ટર (NCORD) ની ૯મી ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી. આ અવસરે કેન્દ્રીય ગૃહ મંત્રીએ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) ની અમૃતસર કચેરીનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. NCB દ્વારા હાઈબ્રિડ મોડમાં આયોજિત આ બેઠકમાં કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિભાગોના મુખ્ય હિતધારકો તેમજ રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ અને ડ્રગ લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ ભાગ લીધો હતો. પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું હતું કે નશા વિરુદ્ધની લડાઈમાં ભારત સરકારના તમામ વિભાગોએ ૨૦૨૯ સુધીનો રોડમેપ અને તેના પર અમલ માટે સમયબદ્ધ સમીક્ષાની પદ્ધતિ બનાવવી જોઈએ. તેમણે કહ્યું હતું કે આ પડકાર કાયદો અને વ્યવસ્થા કરતા વધુ નાર્કો-ટેરરના પ્રશ્ન સાથે જોડાયેલો છે અને સૌથી વધુ મહત્વનું એ છે કે આ એક પ્રકારે દેશની આવનારી નસલોને બરબાદ કરવાનું ષડયંત્ર છે. શ્રી શાહે કહ્યું હતું કે આપણા યુવાનોનું સ્વાસ્થ્ય, તેમની વિચારવાની અને પરફોર્મ કરવાની ક્ષમતા અને અપરાધ એક




પ્રકારે આ સમસ્યા સાથે જ જોડાયેલા છે. ગૃહ મંત્રીએ કહ્યું હતું કે ૩૧ માર્ચ, ૨૦૨૬ થી આપણે સૌ એકસાથે આ સમસ્યા વિરુદ્ધ ૩ વર્ષનું એક સામૂહિક અભિયાન ચલાવીશું, જેમાં નશાની સમસ્યા વિરુદ્ધ તમામ સ્તંભોની કાર્યપદ્ધતિ વ્યાખ્યાયિત કરવામાં આવશે અને લક્ષ્યાંક નક્કી કરી તેની સમયબદ્ધ સમીક્ષા થશે. શ્રી અમિત શાહે કહ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષમાં આપણે નશા વિરુદ્ધની લડાઈમાં ઘણી સફળતા પ્રાપ્ત કરી છે અને ૨૦૧૯ માં એનકોર્ડના પુનર્ગઠન પછી આપણે આ સમસ્યા પર સંપૂર્ણ નિયંત્રણ કરવાના રસ્તાને પણ સુનિશ્ચિત કર્યો છે. હવે આપણે સ્પીડ બનાવી લીધી છે અને ત્રણ સૂત્રીય પ્લાન ઓફ એક્શન સાથે આગળ વધીશું. તેમણે કહ્યું હતું કે આપણે ડ્રગ્સની સપ્લાય ચેઈન પ્રત્યે સામૂહિક રૂથલેસ અપ્રોચ, ડિમાન્ડ રિડક્શન પ્રત્યે સ્ટ્રેટેજિક અપ્રોચ અને હાર્મ રિડક્શન માટે હ્યુમન અપ્રોચ સાથે આગળ વધીએ, ત્યારે જ નશામુક્ત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકીશું. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું હતું કે એનકોર્ડ બેઠકોની સંખ્યામાં વધારો થયો છે, પરંતુ તેને હજુ વધારવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે જિલ્લાસ્તરની અને રાજ્ય સ્તરની બેઠકો નિયમિત રીતે થવી જોઈએ. શ્રી શાહે કહ્યું હતું કે ભારત સરકારનો અપ્રોચ બહુ સ્પષ્ટ છે કે ડ્રગ્સ બનાવનાર અને વેચનાર, બંને પ્રત્યે કોઈ દયાભાવ રાખવો જોઈએ નહીં. તેમણે કહ્યું હતું કે ડ્રગ્સના વિક્ટિમ (પીડિત) પ્રત્યે આપણે માનવતાપૂર્ણ દ્રષ્ટિકોણ સાથે આગળ વધવું જોઈએ. ગૃહ મંત્રીએ કહ્યું હતું કે કમાન્ડ, કમ્પ્લાયન્સ અને એકાઉન્ટેબિલિટીને સુદ્રઢ કરતા જ આપણે આ લડાઈમાં આગળ વધવું જોઈએ. હવે આપણે બેઠકોની સંખ્યા નહીં પરંતુ તેમના પરિણામોની સમીક્ષા કરવી જોઈએ. તેમણે કહ્યું હતું કે નશાના વેપારના કિંગપિન, ફાયનાન્સર અને લોજિસ્ટિક્સના રૂટ્સ પર કરવામાં આવનારી કઠોર કાર્યવાહી આપણી સમીક્ષાનો મુદ્દો હોવો જોઈએ. શ્રી શાહે એ પણ કહ્યું હતું કે આપણે FSL નો ઉપયોગ અને સમયસર ચાર્જશીટ દાખલ કરી સજા કરાવવાનો દર વધારવાને પણ આપણા લક્ષ્યોમાં સામેલ કરવો જોઈએ. તેમણે કહ્યું હતું કે ટોપ ટુ બોટમ અને બોટમ ટુ ટોપ અપ્રોચ ડ્રગ્સના આખા નેટવર્કની તપાસ માટે અત્યંત જરૂરી છે. ગૃહ મંત્રીએ કહ્યું હતું કે નાર્કોટિક્સ વિરુદ્ધ લડાઈની ઉપલબ્ધિઓ સંતોષકારક છે. તેમણે જણાવ્યું હતું કે ૨૦૦૪ થી ૨૦૧૩ દરમિયાન ૪૦ હજાર કરોડ રૂપિયાની કિંમતનું ૨૬ લાખ કિલોગ્રામ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું જયારે ૨૦૧૪ થી ૨૦૨૫ દરમિયાન ૧ લાખ ૭૧ હજાર કરોડ રૂપિયાની કિંમતનું ૧ કરોડ ૧૧ લાખ કિલોગ્રામ ડ્રગ્સ પકડાયું છે. શ્રી શાહે કહ્યું હતું કે સિન્થેટિક ડ્રગ્સ વિરુદ્ધ આપણી ઝુંબેશ ઉત્સાહ આપનારી રહી છે. ડ્રગ્સને ડિસ્પોઝ (નાશ) કરવાની માત્રામાં પણ આપણે ૧૧ ગણો વધારો કરી શક્યા છીએ. તેમણે કહ્યું હતું કે ૨૦૨૦ માં ૧૦,૭૭૦ એકર ભૂમિ પર અફીણનો પાક નષ્ટ કરવામાં આવ્યો હતો અને નવેમ્બર, ૨૦૨૫ સુધીમાં ૪૦ હજાર એકર ભૂમિ પર પાકને નષ્ટ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી એ તમામ વિભાગોને નિર્દેશ આપ્યો છે કે તેઓ ડ્રગ્સની સમસ્યાનો સામનો કરવાની પોતાની જવાબદારીઓ અનુસાર ૩૧ માર્ચ સુધી એક રોડમેપ તૈયાર કરે, દેખરેખ તંત્ર સ્થાપિત કરે અને તેના પર પૂરેપૂરું ફોકસ કરે, જેથી આ સમસ્યાનું સંપૂર્ણ સમાધાન થઈ શકે. તેમણે કહ્યું હતું કે આપણે આગામી ત્રણ વર્ષમાં દેશમાં ડ્રગ્સ વિરુદ્ધ તમામ મોરચે લડાઈ લડીને 'નશા મુક્ત ભારત' બનાવવાનું છે અને દેશના યુવાનોને ડ્રગ્સથી સુરક્ષિત રાખવાનો પ્રયાસ કરવાનો છે. તેમણે કહ્યું હતું કે ડ્રગ્સ વિરુદ્ધ આ લડાઈમાં નિરંતર જાગૃતિ જ આપણને સુરક્ષિત કરી શકે છે. અમે એવી કાયમી વ્યવસ્થા બનાવવા માંગીએ છીએ જે આ લડાઈ લડવામાં સક્ષમ હોય. શ્રી અમિત શાહે કહ્યું હતું કે ડ્રગ્સ વિરુદ્ધ લડાઈમાં ફોરેન્સિક સાયન્સ લેબ (FSL) ની બહુ મહત્વની ભૂમિકા છે. જે રાજ્યોમા જપ્ત કરવામાં આવેલા ડ્રગ્સને નષ્ટ કરવાની કામગીરીની ગતિ ધીમી છે, તેમણે તેમાં તેજી લાવવી પડશે. તેમણે તમામ રાજ્યોના પોલીસ મહાનિદેશકોને આગ્રહ કર્યો કે તેઓ પોતાના રાજ્યમાં રોડમેપ તૈયાર કરીઓછાસમયમાંડ્રગવિનિષ્ટીકરણ માટે નક્કર પગલાંભરે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જીએ ૨૦૪૭ માં આઝાદીનીશતાબ્દી સમયે ભારતને આખા વિશ્વમાં દરેક ક્ષેત્રમાં સર્વપ્રથમ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. એવાભારતનીરચનાકરવા માટે આપણા સૌની એ જવાબદારી છે કે આપણે યુવા પેઢીને ડ્રગ્સથી સંપૂર્ણ સુરક્ષા આપીએ. શ્રી શાહે કહ્યું હતું કે અત્યારે આ લડાઈ એવા મુકામ પર છે કે આપણે આનાથી જીતી શકીએ છીએ. ગૃહ મંત્રીએ કહ્યું હતું કે દેશની આગામી પેઢીઓને બચાવવાનું કામ આપણે ટોચની પ્રાથમિકતાસાથેકરીશું.NCORD મેકેનિઝમ એ ચાર-સ્તરીય સંરચના છે,જેમાંટોચનાસ્તરની NCORD સમિતિ સામેલ છે, જેની અધ્યક્ષતા કેન્દ્રીય ગૃહ સચિવ દ્વારા કરવામાં આવે છે. કાર્યકારી સ્તરની દ્ગ્રઈદ્ઘ સમિતિની અધ્યક્ષતા ગૃહ મંત્રાલયના વિશેષ સચિવ દ્વારા કરવામાં આવે છે. રાજય સ્તરની દ્ગ્રઈદ્ઘ સમિતિઓની અધ્યક્ષતા રાજ્યોના મુખ્ય સચિવો દ્વારા અને જિલ્લા સ્તરની NCORD સમિતિઓની અધ્યક્ષતા જિલ્લા મેજિસ્ટ્રેટો દ્વારા કરવામાં આવે છે. NCORD મેકેનિઝમનીસ્થાપના વર્ષ૨૦૧૬માંકરવામાં આવી હતી, જેથી રાજ્યો, ગૃહ મંત્રાલય તથા સંબંધિતહિતધારકો વચ્ચે સમન્વયને પ્રોત્સાહન આપી શકાય અને દેશમાં નશીલી દવાઓની સમસ્યાનો સર્વગ્રાહી રીતે સામનો કરી શકાય.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું કેશોદ એરપોર્ટ ખાતે ભાવભેર સ્વાગત : સોમનાથ સ્વાભિમાન પર્વમાં થશે સહભાગી

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને પણ ઉત્સાહભેર આવકાર





જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી, જિલ્લા કલેકટરશ્રી, ધારાસભ્યશ્રીઓ સહિતના પદાઅધિકારી-અધિકારીઓએ આવકાર્યા

કમલમ્, જૂનાગઢ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનું જૂનાગઢ જિલ્લાના પદાધિકારી- અધિકારીશ્રીઓએ કેશોદ એરપોર્ટ ખાતે ઉમળકાભેર આવકારી ભાવભેર સ્વાગત કર્યું હતું. સોમનાથ ખાતે સ્વાભિમાન પર્વમાં સહભાગી થવા પધારેલા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સવશ્રી દેવાભાઈ માલમ, શ્રી ભગવાનજીભાઈ કરગટીયા, જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. પી. પટેલ, પોલીસ અધિક્ષક શ્રી સુબોધ ઓડેદરા, આસિસ્ટન્ટ કલેક્ટર સુશ્રી વંદના મીણા, કેશોદ નગરપાલિકાના પ્રમુખશ્રી મેહુલભાઈ ગોંડલીયા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારીયા સહિતના સ્થાનિક મહાનુભાવોએ સ્વાગત કર્યું હતું.

# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ભારત સરકાર દ્વારા ગુજરાત સરકાર અને ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) ના સહયોગથી આયોજિત 'સ્પોર્ટ્સ ગવર્નન્સ કોક્લેવ'ને સંબોધિત કરી

## "ઓલિમ્પિકમાં ટોપ-૧૦માં સ્થાન મેળવવાનું ભારતનું લક્ષ્ય અપરિવર્તનીય (Non-NegOiable) છે": અમદાવાદમાં સ્પોર્ટ્સ ગવર્નન્સ કોન્ફરન્સમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી



કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ભારત સરકાર દ્વારા ગુજરાત સરકાર અને ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) ના સહયોગથી આયોજિત 'સ્પોર્ટ્સ ગવર્નન્સ કોક્લેવ' ને સંબોધિત કરી હતી. આ કોક્લેવમાં નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન (NSFs), સ્ટેટ ઓલિમ્પિક એસોસિએશનના પ્રતિનિધિઓ અને IOA એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધતા મંત્રીએ ભારતની રમતગમત ઈકોસિસ્ટમ માટે સરકારની સ્પષ્ટ અને અણનમ પ્રાથમિકતાઓ પર ભાર મૂક્યો હતો, જેમાં શાસન સુધારા, સ્પર્ધાત્મક એક્સપોઝર, પાયાના સ્તરથી લઈને ભદ્ર (Elite) સ્તર સુધી વ્યવસ્થિત પ્રતિભાની ઓળખ અને ઉછેર, કોચિંગ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવી અને રમતગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એકેડમી અને લીગમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીના વિસ્તરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે છેલ્લા દોઢ વર્ષમાં સરકારે એક મજબૂત સંસ્થાકીય પાયો નાખ્યો છે જે ભારતીય રમતગમતમાં સુધારો કરવાના તેના ઈરાદાને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરે છે. નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ એક્ટ (NSGA), ખેલો ભારત નીતિ, ANSF ધોરણોમાં સુધારા અને કોચની ભરતી પ્રણાલીમાં સુધારા જેવી મુખ્ય પહેલોને ટાંકીને તેમણે કહ્યુ કે, "એકવાર નિર્ણય લેવાઈ ગયા પછી, સરકારે તેના અમલીકરણમાં રાજકીય ઈચ્છાશક્તિ અને ઉદ્દેશ્યની સ્પષ્ટતા બંને દર્શાવી છે." સરકારનું વલણ સ્પષ્ટ કરતાં મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રમતગમત મંડળો (ફેડરેશન) માં આંતરિક રાજનીતિ, ભ્રષ્ટાચાર, અયોગ્ય સિલેક્શન ટ્રાયલ્સ, ખેલાડીઓ પ્રત્યે અન્યાય, શાસન વિવાદો અને નાણાકીય અનિયમિતતાઓ સહિતના સતત ચાલતા પ્રશ્નોનો હવે અંત આવવો જોઈએ. તેમણે ઉમેર્યુ કે, "અમારા માટે ખેલાડી અને રાષ્ટ્રની પ્રતિષ્ઠા સર્વોપરી છે." તેમણે વધુમાં જણાવ્યું કે સરકાર ફેડરેશનની સ્વાયત્તતાનો આદર કરે છે, પરંતુ તમામ સ્પોર્ટ્સ બોડીએ પ્રામાણિકતા, પારદર્શિતા અને ખેલાડી-કેન્દ્રીત શાસન પ્રત્યે સમાન પ્રતિબદ્ધતા દર્શાવવી આવશ્યક છે. તેમણે ભાર મૂક્યો હતો કે NSGA ના અસરકારક અમલીકરણની જવાબદારી પોતે ફેડરેશનોની રહેશે અને તેમણે નિષ્પક્ષ અને સમયસર ચૂંટણી, નાણાકીય પારદર્શિતા, કાર્યરત એથ્લેટ કમિશન, એથિક્સ કમિશન અને નિર્ધારિત ગવર્નન્સ ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવું જોઈએ. વ્યાવસાયિક (Professional) અને ભવિષ્યલક્ષી અભિગમ માટે આહવાન કરતા મંત્રીએ દરેક ફેડરેશનને આગામી ૧, ૩, ૫ અને ૧૦ વર્ષ માટે સ્પષ્ટ રોડમેપ તૈયાર કરવા વિનંતી કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્પોર્ટ્સ બોડી વ્યાવસાયિક રીતે ચાલવી જોઈએ, જેમાં લાયકાત ધરાવતા CEO, નાણાકીય નિષ્ણાતો, માર્કેટિંગ પ્રોફેશનલ્સ, આંતરરાષ્ટ્રીય સ્તરના કોચ અને વિશિષ્ટ ઓપરેશન ટીમો હોવી જોઈએ. ડૉ. માંડવિયાએ એવી પણ જાહેરાત કરી હતી કે સરકાર ટૂંક સમયમાં પારદર્શક અને પ્રમાણિત સિલેક્શન ટ્રાયલ્સ, "વન કોર્પોરેટ, વન સ્પોર્ટ" મોડેલ અને ખેલાડીઓ માટે ઉન્નત કલ્યાણ પેકેજો સહિતની મુખ્ય નીતિવિષયક પહેલો રજૂ કરશે. સ્પોર્ટ્સસાયન્સ,ન્યુટ્રિશન(પોષણ), ઈજા વ્યવસ્થાપન અને હાઈ-પરફોર્મન્સ સપોર્ટમાં પહેલેથી જ થઈ રહેલા નોંધપાત્ર જાહેર રોકાણ પરપ્રકાશ પાડતા, તેમણે ફેડરેશનોને સરકારની ગતિ અને મહત્વાકાંક્ષા સાથે તાલ મિલાવવા હાકલ કરી હતી. ભારતના લાંબા ગાળાના રમતગમત વિઝનનો પુનરોચ્ચાર કરતા મંત્રીએ જાહેર કર્યું કે ઓલિમ્પિક મેડલ ટેલીમાં ટોપ-૧૦માંસ્થાનમેળવવુંએએકઅપરિવર્તનીય રાષ્ટ્રીય લક્ષ્ય છે. આ મહત્વાકાંક્ષાને સાકાર કરવામાં નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન અને સ્ટેટ ઓલિમ્પિક એસોસિએશનની મહત્વની ભૂમિકા છે. તેમણે કહ્યું, "એશિયન ગેમ્સ ૨૦૨૬ થી શરૂ કરીને દરેક મુખ્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રદર્શનમાં સતત સુધારો દેખાવો જોઈએ. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ ભારત માટે યજમાન તરીકે અને સ્પોર્ટ્સ પાવરહાઉસ તરીકે એક ઐતિહાસિક સફળતા તરીકે ઉભરી આવવી જોઈએ." વર્તમાન તબક્કાને ભારતીય રમતગમતના સુવર્ણકાળ તરીકે વર્ણવતાડૉ.માંડવિયાએ જવાબદારી ના મજબૂત સંદેશ સાથે સમાપન કર્યું: "અત્યારે આપણે જે સિદ્ધ કરીશું તેને ઈતિહાસ યાદ રાખશે, અને આપણે જે કરવામાં નિષ્ફળ જઈશું તેના માટે ઈતિહાસ માફ નહીં કરે."



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions
SMRITI VAN
EARTHQUAKE MUSEUM
કચ્છ અને સૌરાષ્ટ્ર
11 અને 12 જાન્યુઆરી, 2026
ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ
કેન્દ્રિત ક્ષેત્રો
સિરામિક્સ
MSMEs
એન્જિનિયરિંગ
સ્ટાર્ટઅપ્સ
મિનરલ્સ
પેટ્રોકેમિકલ્સ
મત્સ્યોદ્યોગ
ટેક્સટાઇલ
પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ
કૌશલ્ય વિકાસ
પ્રવાસન અને સંસ્કૃતિ
કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
મશીનરી અને ઇક્વિપમેન્ટ
બ્લૂ ઇકોનોમી
કોન્ફરન્સની વિશેષતાઓ
• ઉદ્ઘાટન સમારોહ
• સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
• રાજ્યમાપી સેમિનાર
• પેનલ ચર્ચાઓ
• સીઈઓ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
• સ્ટાર્ટઅપ સન્માન સમારોહ
• B2B / B2G મીટિંગ્સ
• વિશેષ પ્રવાસ
• ઔદ્યોગિક એકમોની મુલાકાત
• પ્રાદેશિક MSME કોન્ક્લેવ
• પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
• ટ્રેડ શો/પ્રદર્શન
• રિવર્સ બાયર-સેલર મીટિંગ
• ઉદ્યમી મેળો
• વિક્રેતા વિકાસ કાર્યક્રમ
• સાંસ્કૃતિક કાર્યક્રમ
• સમાપન સત્ર
વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન
11 થી 15 જાન્યુઆરી, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી
ભવ્ય ઉદ્ઘાટન
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીના
વરદ્હસ્તે
ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
11 જાન્યુઆરી, 2026, રવિવાર | 12:30 વાગે | મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત
"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
Japan Rwanda South Korea Ukraine
CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat
icbc
JETRO
U.S.-India Business Council
THE WORLD BANK
ACMA
IACC Indo-American Chamber of Commerce
kotra

# કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરત રેલવે સ્ટેશનથી સુરત જિલ્લાના ૧૨૯૬ જેટલા શ્રદ્ધાળુઓની સુરત-વેરાવળ સ્પેશ્યલ ટ્રેનને ફ્લેગઓફ આપી પ્રસ્થાન કરાવ્યું

## 'વિકાસ ભી, વિરાસત ભી'ના ધ્યેય સાથે દેશના ઈતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરવાનું કાર્ય સરકાર કરી રહી છેઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી






કમલમ્, સુરત

ભારતની પ્રાચીન સંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને રાષ્ટ્રીય ગૌરવનું જીવંત કેન્દ્ર એવા સોમનાથ મંદિર ખાતે આયોજિત સોમનાથ સ્વાભિમાન પર્વનો ભવ્ય પ્રારંભ થયો છે, ત્યારે હજારો શ્રદ્ધાળુઓ દેશભરમાંથી સોમનાથ દાદાના દર્શનાર્થે જઈ રહ્યા છે. સુરત રેલ્વે સ્ટેશનથી સુરત અને વેરાવળની સ્પેશિયલ ટ્રેનને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે ફ્લેગઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. 'ભારત માતા કી જય, હર હર મહાદેવ, ઓમ નમઃશિવાય'ના નાદ સાથે સુરત જિલ્લાના ૧૨૯૬ જેટલા વડીલો, યુવાનો સહિતના શ્રદ્ધાળુઓ સાથેની ટ્રેનને રવાના કરાઈ હતી. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, 'વિકાસ ભી, વિરાસત ભી'ના ધ્યેય સાથે દેશના ઈતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. આજથી લગભગ એક હજાર વર્ષ પહેલા ગઝનવી દ્વારા સોમનાથ મંદિર પર આક્રમણ કરીને તેને તોડવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૬માં આ ઘટનાને એક હજાર વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે, તે સમયે સનાતન હિન્દુ ધર્મના આ આસ્થાકેન્દ્રને નષ્ટ કરીને ધર્મ અને તેમાં આસ્થા ધરાવતા લોકો પર પ્રહાર કરવામાં આવ્યો હતો. આવો પ્રહાર એક વખત નહીં, પરંતુ અનેક વખત કરવામાં આવ્યો, પરંતુ અનેક આક્રમણો બાદ પણ અંતે આસ્થાનો વિજય થયો. જે લોકો ધર્મને નુકસાન પહોંચાડવા પ્રયાસ કરતા હતા તેમનો પરાજય થયો અને આજે પણ સનાતન હિન્દુ ધર્મ પ્રત્યેની અડગ આસ્થા લોકોના હૃદયમાં યથાવત્ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, એક હજાર વર્ષના ઈતિહાસને ઉજાગર કરવા માટે વડપ્રધાનશ્રી સમગ્ર ગુજરાત અને દેશભરમાંથી ભવ્ય કલાકારો, મહેમાનો અને મહાનુભાવોની ઉપસ્થિતિ સાથે સ્વયં હાજરી આપવા જઈ રહ્યા છે. સોમનાથ મંદિરના પુનઃનિર્માણ માટે સરદાર વલ્લભભાઈ પટેલે અવિરત પ્રયત્નો કરીને મંદિરનું ભવ્ય પુનઃ નિર્માણ કરાવ્યું હતું. વડપ્રધાનશ્રીએ આ પરંપરાને આગળ વધારીને પ્રાચીન વૈભવને અનુરૂપ સોમનાથ મંદિરને સોનાથી મઢવાનું ઐતિહાસિક કાર્ય પૂર્ણ કર્યું છે. આ વેળાએ ધારાસભ્ય સર્વશ્રી મુકેશભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, નાયબ પોલિસ અધિક્ષકશ્રી ડી.એચ.ગોર, અગ્રણીશ્રી વી.ડી.ઝાલાવાડીયા રેલ્વેના અધિકારી-કર્મચારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રભાસ ક્ષેત્રના શિવ ઉપાસના સાથે સૂર્ય ઉપાસનાનું મહત્વનું કેન્દ્ર

## પ્રભાસ ક્ષેત્રના પ્રાચીન સૂર્યમંદિરો ભારતીય શિલ્પકલા અને સૂર્ય દેવની શ્રદ્ધાના સાક્ષી



કમલમ્,

પ્રભાસ ક્ષેત્ર પ્રાચીનકાળથી મહાદેવ ભગવાન શિવની ઉપાસનાનું મહત્વપૂર્ણ તીર્થસ્થાન તો રહ્યું જ છે, સાથે જ સૂર્ય ઉપાસનાનું અદ્વિતીય કેન્દ્ર તરીકે પણ ઓળખાય છે. આજ સુધી પ્રભાસ અને તેની આજુબાજુના વિસ્તારમાં અનેક સૂર્યમંદિરોના અવશેષો મળી રહે છે, જે અહીં સૂર્ય ઉપાસનાના વારસાને મજબૂત કરે છે. 'પ્રભાસ' શબ્દનો અર્થ જ પ્રકાશથી ભરપૂર એવો થાય છે. પુરાણોમાં પ્રભાસ ક્ષેત્રને ભાસ્કર ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવ્યું છે કારણ કે અહીં સૂર્ય દેવ પોતાની પૂર્ણ તેજસ્વી કળાઓ સાથે પ્રકાશતા હતા. કથાઓ મુજબ સૂર્ય દેવએ પોતાની ૧૬માંથી ૧૨ કળાઓ પ્રભાસ ક્ષેત્રના બાર સૂર્યમંદિરોને અર્પણ કરી હતી, જે આ ક્ષેત્રના અનોખા તીર્થ મહિમાને વધુ ઉજાગર કરે છે.

**શીતળામાતાના મંદિર પાસેનું સૂર્યમંદિર**

ઈ.સ. ૧૩મી સદી આસપાસનું માનવામાં આવતું આ મંદિર આજે પણ પ્રાચીન લિપિના અક્ષારોની સાક્ષી આપે છે. પ્રભાસખંડમાં આ મંદિરે નાગરાદિત્ય નામ મેળવ્યું છે. માન્યતા છે કે દ્વારકાથી આવેલા સત્રાજિતે અહીં સૂર્ય ઉપાસના કરી અને સૂર્ય દેવપ્રસાદ સ્વરૂપે મળેલો સ્યમંતક મણિ મેળવ્યા બાદ અહીં સૂર્યની સ્થાપના કરી હતી.

**ત્રિવેણીનું ભવ્ય સૂર્યમંદિર**

શારદા મઠની પાછળ આવેલું આ સૂર્યમંદિર તેની વિશિષ્ટ શિલ્પસૃષ્ટિ માટે પ્રસિદ્ધ છે. નરથર,ગજથર અને હંસથર વિનાના અનોખા માળખાવાળું આ મંદિર વલભી કાળનું માનવામાં આવે છે અને ૧૩–૧૪મી સદીમાં તેનો જીર્ણોધ્ધાર થયેલો હોવાનું કહેવાય છે. મંદિરની આસપાસ જ્ઞાનવાવ, સૂર્યકુંડ, માર્કંડ ઋષિ આશ્રમ, કામનાથ, સિદ્ધનાથ જેવા અનેક પવિત્ર સ્થળો આવેલાં છે.

**પ્રશ્નાવાડાનું સોલંકી કાળીન સૂર્યમંદિર**

કોડીનાર માર્ગે આવેલા પ્રશ્નાવાડા ગામમાં ગાયત્રી મંદિર સાથે આવેલું આ સૂર્યમંદિર પૂર્વાભિમુખ છે. ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ અને રંગમંડપ ધરાવતા આ મંદિરની ગૂઢ મંડપની જાળીઓમાં વનસ્પતિ અને પશુઓની કોતરણી છે. અને ગર્ભગૃહમાં ગાયત્રીમાતા તરીકે પૂજાતો પાષાણનો એક શિલ્પખંડ છે. ગર્ભગૃહના બારસાખ પર નવગ્રહની એક શિલ્પની તક્તી છે અને મધ્યમાં ગણેશજી છે. મંડપના બાર થાંભલામાંથી આઠ થાંભલા ટેકવી મંડપની છત છે. થાંભલા નીચેના ભાગે સમચોરસ, મધ્યમાં અષ્ટકોણ અને ટોચ ઉપર વર્તુળાકાર છે તેના પરથી શિખર સોલંકી કાલીન જણાય છે પણ મૂળ મંદિર આઠમી કે નવમી સદીનું અને સોલંકીકાળમાં સમરાવ્યુ હોય તેમ જણાય છે.

**ભીમદેવળનું સૂર્યમંદિર**

તાલાલા જવાના માર્ગમાં ભીમદેવળ ગામમાં ગામથી એકાદ કિ.મી દૂર ભીમનું આ દેવળ આવેલું છે જે અસલમાં સૂર્યમંદિર હતું. ઈ.સ. ૯મી સદીનું છતવાળું પ્રવેશદ્વાર ધરાવતા પૂર્વાભિમુખ એવા આ સૂર્યમંદિરને એક વિશાળ, ઊંચા અને આઠ મુક્ત સ્તંભો ધરાવતા મંડપ છે. એના ગર્ભગૃહના પ્રવેશદ્વારે સૂર્યની પતીઓ રાજ્ઞી અને નિક્ષુભાની સ્વાગતમાં ઊભેલી પ્રતિમાઓ છે. નાગર શૈલીનું શિખર આ પ્રકારનું પહેલું ઉદાહરણ છે. અગ્નિ દિશા તરફના પગથિયાં અને શિખરમાંનું ઉપલા થરનું ગર્ભગૃહ એ પાછળના સમયમાં ઉમેરાયું છે. મંદિરના ગૂઢમંડપની દીવાલમાં ઉપર બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય અને ચંદ્રના અંકનોવાળી શિલ્પપટ્ટિકા જોઈ શકાય છે. આ મંદિર રાજ્ય પુરાતત્ત્વ વિભાગ તરફથી રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવ્યું છે.

**મૂળ પ્રાચીનું પૌરાણિક સૂર્યમંદિર**

આજોઠા ગામે આવેલું મૂળ પ્રાચી સ્થળ તેની પૌરાણિક ઓળખ માટે જાણીતું છે. અહીં ભીમનાથ મહાદેવ તરીકે ઓળખાતું જે મંદિર છે, તે પ્રાચીનકાળમાં સૂર્યમંદિર હતું એવું મનાય છે.આ મંદિરના મંડોવરના ગવાક્ષોમાં આવેલી સૂર્યમૂર્તિઓ ઈ.સ. ૧૧ મી સદીના શિલ્પોની શૈલી દર્શાવે છે. આ કુંડ અને મંદિર રાજ્ય પુરાતત્ત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે વર્તમાન સમયમાં સોમનાથ આસપાસ ૧૨ જેટલા સૂર્યમંદિર હોવાનું એક સંશોધન છે. જો કે એમાંથી ઘણા ઓછા હયાત છે. જેમાં સોમનાથમાં ત્રિવેણી ઘાટ નજીક, પ્રભાસપાટણ ગામમાં એક, મીઠાપુર નજીક, મૂળ પ્રાચીમાં, સુત્રાપાડામાં, ભીમદેવળમાં, નાવદ્રામાં એમ અનેક સ્થળોએ આ સૂર્યમંદિરો હોવાનાં પુરાવાઓ મળે છે. શિવ અને સૂર્ય ઉપાસનાની અનન્ય પરંપરા ધરાવતા પ્રભાસક્ષેત્રમાં આવેલા આ મંદિરો માત્ર ધાર્મિક મહત્વ ધરાવતા નથી પરંતુ ભારતીય શિલ્પવારસા, ઈતિહાસ અને સાંસ્કૃતિક વૈભવના જીવંત સાક્ષી તરીકે ઉભાં છે. સૂર્યની કળાઓથી દીપ્ત થયેલ આ ભૂમિ આજે પણ પ્રાચીન તેજ અને આધ્યાત્મિક ધરોહરનું અદભુત કેન્દ્ર બની રહે છે.

## કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ સોમનાથ મહાદેવના દર્શન કરી મંદિર પરિસરમાં ભાવપૂર્વક ૐકાર જાપ કર્યા



કમલમ્, સોમનાથ

રાજયના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ શ્રી, સોમનાથ મહાદેવના શ્રદ્ધાપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ સાથે જ મંત્રીશ્રી એ સોમનાથ મંદિર પરિસરમાં બેસી ને સોમનાથની આધ્યાત્મિક ચેતનાને અનુભવતા ભાવપૂર્વક ૐકાર જાપ પણ કર્યા હતા જેમાં તેમની સાથે પરિવાર પણ સહભાગી થયો હતો. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત શ્રી સોમનાથ મહાદેવના પાવન મંદિર પરિસરમાં ઋષિકુમારો દ્વારા ૭૨ કલાકના અખંડ ''ૐકાર જાપ'' યોજાઈ રહ્યા છે. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિત આ આધ્યાત્મિક અનુષ્ઠાન દ્વારા ભારતની પ્રાચીન સંસ્કૃતિ, શ્રદ્ધા અને રાષ્ટ્ર સ્વાભિમાનની ભાવનાને નવી દિશા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત યોજાતા વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ચેતનાના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લઈ રહ્યા છે, જેનાથી સોમનાથની આધ્યાત્મિક મહત્તા વધુ ઉજાગર થઈ રહી છે.



કમલમ્,

'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની વિભાવના ચરિતાર્થ કરતા શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રાના રૂટ પર કુલ ૨૦ જેટલા સ્ટેજ પર કર્ણાટક, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોની કૃતિ રજૂ થઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન પૂર્વે શૌર્ય યાત્રાના રૂટ પર યક્ષગાન, કૂચિપુડી નૃત્ય મણિયારો રાસ, ભરત-નાટ્યમ સહિત વિવિધતામાં એકતા દર્શાવતા રાજ્યભરના કલાકારો દ્વારા રજૂ થતાં અલગ-અલગ સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળવા શ્રદ્ધાળુઓ અને સ્થાનિક નાગરિકો ઉમટી પડ્યા હતાં.

# 'સોમનાથ સ્વાભિમાન પર્વ' માં સોમનાથ, સાગર અને સંગીતના ત્રિવેણી સંગમમાં ભક્તિના રંગે રંગાયા શ્રદ્ધાળુઓ

## કીર્તિ-કરશન સાગઠિયા અને હાર્દિક દવેની સુરભરી રમઝટ અને રાજભા ગઢવીના સાહિત્યથી દેશભક્તિ અને શિવભક્તિનો અનોખો માહોલ સર્જાયો






કમલમ્, ગીર સોમનાથ

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત મંદિર પરિસર ખાતે દરરોજ રાત્રે આયોજિત થતી સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં ૯ જાન્યુઆરીની રાતે સાગર, સોમનાથ અને સંગીતનો અનોખો તથા અલૌકિક સમન્વય સર્જાયો હતો. સાગરની લહેરોની ગર્જના, સોમનાથ મહાદેવની પાવન હાજરી અને સંગીતની સુમધુર સૂરલહેરીઓએ સમગ્ર પરિસરને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઊર્જાથી ભરપૂર બનાવી દીધુ હતું. આ ભવ્ય સાંસ્કૃતિક સાંજમાં પ્રખ્યાત ગાયક કીર્તિ સાગઠીયા તથા લોકપ્રિય લોકગાયક કરશન સાગઠિયાની જોડીએ મહાદેવના ભાવસભર ભજનો, વિવિધ ગરબા અને લોકપ્રિય ગીતોની મનમોહક રજૂઆત કરી હતી. સંગીતના તાલ સાથે શ્રોતાઓ ઝૂમી ઉઠ્યા હતા અને દરેક રચનાએ ભક્તિ, સંસ્કૃતિ અને લોકભાવનાનો સંગમ સર્જ્યો હતો. સાથે જ કલાકાર હાર્દિક દવેએ શિવ સ્તુતિ, શિવ ભજન અને પાનબાઈના ભજનની રંગત જમાવી હતી, જેમાં એકતારાના સૂરે અલગ જ ભક્તિમય માહોલ બાંધ્યો હતો. કાર્યક્રમના અંતમાં જાણીતા લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ લોક સાહિત્યના વિવિધ રસની શૈલીમાં રજૂઆત કરી હતી જેને ઉપસ્થિત સૌ કોઈએ મન ભરીને માણી હતી. રાજભા ગઢવીએ સોમનાથના ઐતિહાસિક પ્રસંગો રજૂ કર્યા હતા જેનાથી માહોલમાં શિવભક્તિ અને દેશભક્તિનું અદભૂત સંયોજન જોવા મળ્યું હતું. સોમનાથ મંદિર પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન યાત્રાળુઓ અને સ્થાનિક નાગરિકોએ એક અલૌકિક અનુભૂતિ માણી હતી. સંગીતની સૂરલહેરીઓ સાગરની લહેરોમાં ગૂંજી ઉઠી હતી અને સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીને વધુ ગૌરવસભર અને સ્મરણિય બનાવી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગુજરાતની લોકસંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું સુંદર પ્રસ્તુતિકરણ થયું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા ડો.પ્રદુમનભાઈ વાજા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ, અગ્રણી શ્રી શિવાભાઈ સોલંકી સહિત બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L801/1, Gidc, Sector -28, Gandhinagar •Published -At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028


सोमनाथ
स्वाभिमान
पर्व
अटूट आस्था के
1000 वर्ष
વર્ષ 1026 ના એક હજાર વર્ષ પછી આજે 2026 માં પણ સોમનાથ મંદિર દુનિયાને સંદેશ આપી રહ્યું છે કે,
મિટાવી દેવાની માનસિકતા ધરાવનારાઓ ખતમ થઈ જાય છે, જ્યારે સોમનાથ મંદિર
આજે આપણા વિશ્વાસનો મજબૂત આધાર બનીને અડીખમ ઊભું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
11મી જાન્યુઆરીના વિશેષ કાર્યક્રમ
સવારે 10 વાગે, સોમનાથ મંદિર માટે અગણિત વીરોના અદમ્ય શૌર્ય અને બલિદાનની
સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રા
સવારે 10:30 વાગે, શૌર્ય સભામાં વડાપ્રધાનશ્રીનું વિશેષ સંબોધન
મહાભિષેક | મહાઆરતી
સવારે 10 વાગે ડીડી ન્યૂઝ ઉપર જીવંત પ્રસારણ